આંક –18

| સેશન્સ કેસ નંબરઃ– 60/2022 | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 3 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ભોગ બનનારની સાસુ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૫૩ | વરસની | ધંધો | ઘરકામ |
| રહેવાનુ | જાડી તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) મારે સંતાનમાં છ બાળકો છે જેમાં મોટો ભાયચંદ તેનાથી નાની વર્ષા તેનાથી નાના શ્રવણ તેનાથી નાના સુરેશ તેનાથી નાનો કિરણ અને સૌથી નાનો લવજી છે.અમો ખેતીનો ધંધો કરીએ છીએ.

(૨) બનાવને ત્રેણક વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવને સમયે હું મારા ઘરે હતો. મારી પત્ની સવારના ખેતરે ઢોરો ધોવા થતાં કરીયાણુ લેવા ગયેલી. રૂા.૨,૫૦૦/– સાથે લઈ ગયેલ હતી. સવારના ૧૦–૦૦ વાગ્યા સુધી ઘરે પરત ન આવતા મે મારી મમ્મીને ફોન કરેલ અને ભોગબનનાર ખેતરે આવેલ છે કે કેમ? તે પુછેલ. તે આજે ખેતરે આવેલજ નથી તેવુ જણાવેલુ. પછી હું મારી મમ્મી પાસે તેમના ભાગે વાવેલા ખેતરે ગયેલો. પછી અમોએ આજુબાજુ શોધખોળ કરેલ. પછી ત્રણ દિવસે રાત્રીના ૧૨ વાગે ઘરે આવેલી તેથી મે તેને પુછેલ કે તુ કયાં ગયેલ હતી. તેથી મને કહેલ કે મને આરામ કરવાદો તેવુ જણાવેલ. સવારે મને કોઈ વાત કરેલ નથી. સવારે હું મારા પતિ, મારો ભાઈ સગાઓ બધા પોલીસ સ્ટેશને ગયેલા ત્યાં કેસ આરોપી સામે કરેલો. પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીને ઓળખુ છુ. આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે જે હું ઓળખી બતાવુ છુ.

(૩) એવુ બનેલ નથી કે, તા. ૨૩/૭/૨૦૨૨ ના રોજ સવારે હું ખેતરે જતી હતી

સાહેદની સહી.............................

તે વખતે સવારે ૭–૦૦ વાગે એક સફેદ કલર ની ઈકકો ગાડી આવેલી અને મને કહેલ કે હું ધાનેરા સુધી જાવ છુ તમારે કેટલે આવવુ છે એટલે હું ખેતર થી જલદી ઘરે પરત આવી જવા માટે મે ઈકકો ગાડી વાળાને મારે ખેતરે જવુ છુ તેવુ કહેલ અને શેરીના નાકે ઉતારી દેવાનુ જણાવેલ,ગાડી થોડી આગળ ઉભી રાખવાનુ કહેતા પાછળના ભાગે સીટમા સંતાયેલ ભીલ વિક્રમભાઈ વાઘાભાઈ એકદમ વચ્ચેની સીટમાં આવેલ અને મારુ મોઢુ દાબીદીધેલ અને મને સીટની વચ્ચે દાબી દીધેલ અને ઈકકો ગાડી ચલાવતા ડ્રાઈવરે ઝડપી ગાડી ચલાવવા લાગેલ, આરોપીએ મને ચાકુ બતાવેલ હોઈ હું બોલી શકેલ નહી, અને હું ગભરાઈ ગયેલ હોવાથી અડધી બેભાન અવસ્થામાં થઈ ગયેલ હતી. અને તેજ દિવસે આરોપી મને ભીલડીથી રેલ્વે મારફત કયાંક લઈ ગયેલ અને ગાંધીધામ રેલ્વે સ્ટેશન ઉતારી એક અંધારી ઓરડીમાં લઈ ગયેલ. કરીયાણુ લેવાના રૂા.૨,૫૦૦/– આરોપીએ લઈ લીધેલ હતા. અને ત્યાં ઓરડીમાં મારી સાથે મરજી વિરુધ્ધ મારા કપડાં ઉતરાવી ચારેક વખત શરીર સંબંધ બાધેલો આરોપીએ મે જણાવેલ કે મારા નાના છોકરાઓ મારી રાહ જોતા હશે ઘરે મુકવાની આવવાની ખુબજ વિનંતી કરતાં તેણે મને કહેલ કે, તારી સાથે જે બનેલ છે જો તે તારા ઘરે કંઈ કહેલ છે તો જાનથી મારી નાખીશ અને ચાકુ બતાવી કહેલ કે, તને તથા તારા છોકરાઓને મારી નાંખીશ તેમ કહી ગાંધીધામથી રેલ્વેમાં બેસાડી ભીલીડી લઈ આવેલ અને અગાઉ વાળો ઈકકો ગાડીનો ડ્રાઈવર આપડા ગામ સુધી મને ઉતારીને જતો રહેલ ની વાત મને કહેલ હોય.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની**

સાહેદની સહી..............................

**પરવાનગી આપવામાં આવે છે.**

(૪) એ વાત ખરી નથી કે મે પોલીસ રૂબરુ ના નિવેદનમાં એવી હકીકત જણાવેલ છે કે ''તા. ૨૩/૭/૨૦૨૨ ના રોજ સવારે હું ખેતરે જતી હતી તે વખતે સવારે ૭-૦૦ વાગે એક સફેદ કલર ની ઈકકો ગાડી આવેલી અને મને કહેલ કે હું ધાનેરા સુધી જાવ છુ તમારે કેટલે આવવુ છે એટલે હું ખેતર થી જલદી ઘરે પરત આવી જવા માટે મે ઈકકો ગાડી વાળાને મારે ખેતરે જવુ છુ તેવુ કહેલ અને શેરીના નાકે ઉતારી દેવાનુ જણાવેલ,ગાડી થોડી આગળ ઉભી રાખવાનુ કહેતા પાછળના ભાગે સીટમા સંતાયેલ ભીલ વિક્રમભાઈ વાઘાભાઈ એકદમ વચ્ચેની સીટમાં આવેલ અને મારુ મોઢુ દાબીદીધેલ અને મને સીટની વચ્ચે દાબીદીધેલ અને ઈકકો ગાડી ચલાવતા ડ્રાઈવરે ઝડપી ગાડી ચલાવવા લાગેલ, આરોપીએ મને ચાકુ બતાવેલ હોઈ હું બોલી શકેલ નહી, અને હું ગભરાઈ ગયેલ હોવાથી અડધી બેભાન અવસ્થામાં થઈ ગયેલ હતી. અને તેજ દિવસે આરોપી મને ભીલડીથી રેલ્વે મારફત કયાંક લઈ ગયેલ અને ગાંધીધામ રેલ્વે સ્ટેશન ઉતારી એક અંધારી ઓરડીમાં લઈ ગયેલ.કરીયાણુ લેવાના રૂા.૨,૫૦૦/-આરોપીએ લઈ લીધેલ હતા.અને ત્યાં ઓરડીમાં મારી સાથે મરજી વિરુધ્ધ મારા કપડાં ઉતરાવી ચારેક વખત શરીર સંબંધ બાધેલો આરોપીએ મે જણાવેલ કે મારા નાના છોકરાઓ મારી રાહ જોતા હશે ઘરે મુકવાની આવવાની ખુબજ વિનંતી કરતાં તેણે મને કહેલ કે, તારી સાથે જે બનેલ છે જો તે તારા ઘરે કંઈ કહેલ છે તો જાનથી મારી નાખીશ અને ચાકુ બતાવી કહેલ કે, તને તથા તારા છોકરાઓને મારી નાંખીશ તેમ કહી ગાં ધીધામથી રેલ્વેમાં બેસાડી ભીલીડી લઈ આવેલ અને અગાઉ વાળો ઈકકો ગાડીનો ડ્રાઈવર આપડા ગામ સુધી મને ઉતારીને જતો રહેલ ની વાત મને કહેલ''. એ વાત ખરી નથી કે, આરોપીને બચાવવા સારુ ખોટી જુબાની આપુ છુ.

સાહેદની સહી..............................

<u>ઉલટ તપાસ આરોપી તરફે વિ.વ.શ્રી. એમ.જી.સુથાર.</u>

(૫) એ વાત ખરી છે કે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. બનાવની જાત માહીતી નથી.

**વિશેષ તપાસ નથી.**
**ફેરતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૨/૦૭/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૭ મા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી..............................